નાગરિકો અધિકારીઓની ફરિયાદ ઓનલાઈન કરશે

ફરજ બજાવવામાં નિષ્કાળજી, સત્તાનો દુરુપયોગ અને અધિકારીઓની ગંભીર ગેરવર્તણૂક અંગેની ફરિયાદો થશે

અમદાવાદ, તા.૧૧

રાજયના મુખ્ય સચિવ જી.એસ.અલોરિયાના હસ્તે ગૃહ વિભાગ હસ્તકના ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પ્લેઈન્ટસ ઓથોરિટીની નવીન વેબસાઈટનું ગાંધીનગર ખાતેથી લોંચીંગ કરવામાં આવ્યું હતું. આ વેબસાઈટ લોન્ચીંગ પ્રસંગે ગૃહ વિભાગના અધિક મુખ્યસચિવ પી.કે.તનેજા તેમજ જીએસપીસીએના ચેરમેન જી. સુબ્બારાવ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર બ્લોક-૧૯, જુના સચિવાલય ખાતે કાર્યરત જીએસપીસીએ એ માત્ર ડી.વાય.એસ.પી. વર્ગ-૧ અને તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીઓ વિરૂદ્ધ તેઓની ફરજ બજાવવામાં નિષ્કાળજી, સત્તાનો દુરુપયોગ અને અધિકારીની ગંભીર ગેરવર્તણૂંક અંગેની ફરિયાદોની તપાસ કરતું મંડળ છે. આવી ફરીયાદોની તપાસના અંતે જો કોઈ પોલીસ અધિકારી દોષિત જણાય તો તે અધિકારી વિરૂદ્ધ પગલાં લેવાની ભલામણ ઓથોરિટી દ્વારા જે તે સત્તાધિકારીને કરવામાં આવે છે. સામાન્ય પ્રજાજનો પોતાની ફરિયાદો ઝડપથી, સચોટ રીતે અને કોઈપણ જાતના ખર્ચ વિના ઓન લાઈન કરી શકે તે માટે ઓથોરિટી દ્વારા આ નવીન વેબસાઈટનું લોન્ચીંગ કરવામાં આવ્યું છે. ફરિયાદની વેબ સાઈટ ઉપર નોંધણી થતાં,આ ફરિયાદીનો નોંધણી ક્રમાંક આપવામાં આવશે. આ નોંધણી ક્રમાંકના આધારે ફરિયાદી પોતે કરેલી ફરિયાદ અંગે થતી કાર્યવાહી-પ્રગતિની માહિતી વેબસાઈટ ઉપર ઓન લાઈન મેળવી શકશે. આ માટે ફરિયાદીને વેબસાઈટ ઉપર ઉપલબ્ધ ફરિયાદ પોતાની તથા ફરિયાદ અંગેની તમામ માહિતી સાચી આપવાની રહેશે. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે, જીએસપીસીએ ગાંધીનગરમાં કાર્યક્ષેત્રમાં ડીવાયએસપી અને તેનાથી નીચેના અધિકારીઓ એટલે કે પોલીસ ઈન્સ્પેક્ટર તથા તેનાથી નીચેના કક્ષાના અધિકારી કર્મચારીઓ વિરૂદ્ધ ફરિયાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નહીં નોંધતા હોવાની ફરિયાદ, નોંધાયેલ ફરિયાદમાં યોગ્ય કલમ નહીં લગાવવી, દીવાની પ્રકારની બાબતો અંગેની ફરિયાદ, પોલીસ સિવાયના અન્ય કોઈ સરકારી અધિકારી-કર્મચારી વિરૂદ્ધની ફરિયાદ અને કોર્ટમાં કેસ ચાલુ હોય તે અંગેની ફરિયાદને સમાવેશ થતો નથી. વધુમાં જો કોઈ ફરિયાદીએ ગુજરાત તકેદારી આયોગ, રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ, ગુજરાત માનવ અધિકાર આયોગ, અલ્પસંખ્યક આયોગ, મહિલા આયોગ, અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ આયોગ, પછાત, વર્ગો માટેના આયોગ તેમજ કેન્દ્ર સરકાર કે અન્ય રાજય સરકારના કાયદ દ્વારા વખતો વખત અસ્તિત્વમાં આવેલ અન્ય કોઈ આયોગમાં ફરિયાદ કરેલ હોય અને તપાસ ચાલુ હોય તો આવી ફરિયાદો જીએસપીસીએના કાર્યક્ષેત્રમાં આવતી નથી. આ વેબસાઈટ લોન્ચીંગ પ્રસંગે પોલીસ મહાનિદેર્સક, કાયદો અને વ્યવસ્થા પીપી પાન્ડે સહિત ગૃહ વિભાગ તેમજ જીએસપીસીએના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આજથી સ્વામિનારાયણ ધામ સ્કૂલ ખાતે કરાટે સેમિનાર

ગાંધીનગરની સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલમાં આજથી કરાટે બ્લેક બેલ્ટ એકઝામ તથા કાટા અને કુમિટી સેમિનાર અને રેફરી સેમિનારનો પ્રારંભ થયો હતો. આ સેમિનાર ત્રણ દિવસ ચાલશે જેમાં રવિવારે પરીક્ષા યોજાશે. કરાટેમાં ગુજરાત ક્ષેત્રે કાર્યરત ધમ્મિકા કાઈ-શીટો-ચ્યુ કરાટે-ડો સંસ્થા દ્વારા આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારમાં કરાટેની વિવિધ પધ્ધતિ અંગેની સ્પર્ધાઓ યોજવામાં આવશે. આ ઉપરાંત કરાટેના કૌશલ્યની તાલીમ આપતા રેફરીઓનો પણ સેમિનાર યોજાશે. કરાટે કૌશલ્ય શીખેલા વિદ્યાર્થીઓને બ્લેક બેલ્ટ માટેની પરીક્ષા સેમિનારના અંતમાં યોજાશે. આ એકએફ રેફરી શિહાન રજનીશ ચૌધરી બાળકોને વિવિધ કરતબની તાલીમ આપશે.

જૈન સમાજ માટેના નિવેદન બદલ શિવસેના માફી માગે : શંકરસિંહ

ગાંધીનગર, તા. ૧૧

મુંબઈમાં ભાજપ શિવસેનાએ જૈન સમાજ વિરૂદ્ધ દાખવેલ વલણ અને કરેલ નિવેદન પાછુ ખેંચવું જોઈએ અને સરળ સાદા અને જીવ હિંસાના વિરોધી એવા જૈન સમાજની જાહેરમાં માફી માંગવી જોઈએ એમ ગુજરાત વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું છે.

વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ મુંબઈમાં શિવસેનાએ જૈન સમાજ માટે કરેલ નિવેદન અંગે આકરી પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે જૈન સમાજ અહિંસાનો પુજારી રહ્યો છે એ સૌ કોઈ જાણે છે. તેઓએ પોતાની ધાર્મિક માન્યતા પ્રમાણે માંગણી કરવાનો અધિકાર છે તેને માટે શિવસેનાએ આવી હલકી ભાષાનો પ્રયોગ કરી જૈન સમાજને આ રીતે ઉતારી પાડવો જોઈએ નહીં.

તેમણે જણાવ્યું હતું કે જૈન સમાજના મતોના માધ્યમથી ભાજપ શિવસેનાએ રાજ્ય અને દેશમાં સત્તા હાંસલ કરી સરકાર બનાવી છે. જૈન સમાજને આવો ખોટો દમ મારે કે દાટી આપે તે ભાજપ શિવસેનાને શોભતુ નથી. આખો જૈન સંપ્રદાય એ ક્ષત્રિયોના માધ્યમથી શરૂ થયેલો છે. એવા જૈન સમાજના આવા પારખા ન કરે તે તેમના હિતમાં છે. અને જૈન સમાજે પણ આવી કોઈ રીતે કોઈ નાથી દબાવુ જોઈએ નહીં.

મુંબઈ અને દુનિયામાં જ્યાં જૈન સમાજ હશે ત્યાં હંમેશા હું તેમની પડખે રહીશ ભાજપ શિવસેનાએ જૈન સમાજના મહારાજ સાહેબ સાધુ ભગવંતો અને આખા જૈન સમાજની જાહેરમાં માફી માંગવી જોઈએ.

ફુલો અને અત્તરની નગરી તરીકે ખ્યાતનામ પાલનપુર શહેરમાં પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન ફુલોના વેપારમાં તેજી આવી હતી. પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન ફુલોના વેપારીઓને લાખો રૂપિયાનો વેપાર થયો હોવાનો વેપારી સુરેશભાઈ પઢીયારે જણાવ્યું હતું. (કાંતિલાલ લોધા, ડીસા)

ભૂંડ-નીલગાય જેવા જંગલી પ્રાણીઓથી ખેતીપાકો બચાવવા ઝુંબેશ ઉપાડાશે

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત રાજ્ય સીડ્સ પ્રોડ્યુસર્સ એસોસિએશન દ્વારા રાજ્યમાં ભૂંડ તથા નીલગાયના ત્રાસથી ખેતીપાકોને બચાવવા અભિયાન ચલાવવાનું બીડુ ઝડપવામાં આવ્યું છે.

દિવસ-રાત મહેનત કરીને વિવિધ પાકો ઉછેરતા ખેડૂતને ભૂંડ-નીલગાય તથા અન્ય જંગલી પ્રાણીઓ દ્વારા ખેદાન-મેદાન કરી નુકશાન પહોંચાડવામાં આવે છે. ખેતી પાકો જેવા કે મગફળી, કપાસ, દિવેલા, કઠોળ તથા શાકભાજી અને અન્ય પાકોમાં આ પ્રાણીઓનો ત્રાસ વધી રહ્યો છે. જો સમયસર પગલાં નહી લેવાય તો આ પાકોનું વાવેતર સદંતર બંધ થઈ જાય તેવી ભીતિ સેવાઈ રહી છે. આ બાબતે રાજ્યના મુખ્યમંત્રીએ પણ ચિંતા વ્યક્ત કરી છે. આ પ્રાણીઓનો ત્રાસ અટકાવવા વૈજ્ઞાનિકો, જીવદયાપ્રેમી સંસ્થાઓ તથા નિષ્ણાંતોની સલાહ લઈને તે અંગે રાજનીતિથી પર ઝુંબેશ ઉપાડવા વિચારણા કરવા ગાંધીનગર ખાતે ચિંતન મીટીંગનું આયોજન કરવાનું વિચારાઈ રહ્યું છે.

આ ચિંતન બેઠક માટે એસોસિએશનના દરેક ગામ, તાલુકા, જિલ્લાના પ્રતિનિધિઓ પાસે સૂચનો મંગાવાયા છે જે પ્રમુખ એન.પી. પટેલને વેસ્ટર્ન એગ્રોસીડ્સ, ૮૦૨/૧૧, વેસ્ટર્નહાઉસ, જીઆઈડીસી એસ્ટેટ,સે. ૨૮ના સરનામે મોકલી આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

રખડતા ઢોરની સમસ્યા હલ કરવામાં નગરપાલિકા અને તંત્ર નિષ્ફળ નિવડ્યુ છે : અમૃતભાઈ કચ્છવા

ડીસા, તા.૧૧

ડીસા શહેરમાં રખડતા ઢોરોની સમસ્યાથી જનતા તંગ આવી ગઈ છે. રખડતા ઢોરોની સમસ્યાનો અંત લાવવા સત્તાધીશો સદંતર નિષ્ફળ નિવડ્યા છે. ત્યારે ડીસાના વેપારી અને ભગતવી સાડી શો-રૂમના માલિક અમૃતભાઈ વીરાજી કચ્છવાએ રખડતા ઢોરોની સમસ્યાને લઈ સોમવારે નગરપાલીકા કચેરી સામે જ પ્રતિક ઉપવાસ પર ઉતરવાની તૈયારી આદરી છે.

ડીસા શહેરમાં રખડતા ઢોરોના આતંકથી પાંચ વર્ષની અંદર ૨૦ લોકોના મોત થઈ ચુક્યા છે. આતંક મચાવતા આખલા ગાયો રોજના ૧૦ થી ૨૦ બાળકોને હડફેટે લઈ ઈજા પહોંચાડે છે. ગુરૂવારે પણ સ્કુલની એક વિદ્યાર્થીનીને આખલાએ રોડ પર પટકી ગંભીર પ્રમાણમાં ઈજાઓ પહોંચાડી હતી. અત્યારે શહેરમાં ૨૫૦૦થી વધારે ગાયો રખડી રહી છે. જે બાઈકો, ગાડીઓ વેપારીઓના માલનો કચ્ચર ઘાણવાળી રહી છે. રખડતા ઢોરોની સમસ્યાથી લોકો ત્રાસી ઉઠ્યા છે. નિર્દોષ લોકોને મોતનું ભોગ બનવું પડે છે. જે કમનસીબો ગાયોના આંતકથી મોતને ભેટ્યા છે. તેમના પરીવારજનોની હાલત આજે કફોડી બની રહી છે. મૃતકોના સ્વજનોને ન્યાય ત્યારે જ મળશે કે જ્યારે ડીસા સીટી રખડતી ગાયોમાંથી અંકુશ મુક્ત થશે. શહેર વાસીઓની સમસ્યા જોઈ આખરે ડીસાના વેપારી અને ભગવતી સાડી શો-રૂમના માલિક અમૃતભાઈ વીરાભાઈ કચ્છવાએ રખડતા ઢોરોને સામે લડત માટે શસ્ત્રો સમજાવ્યા છે અને નગરપાલિકાને બે દિવસની મહેલત આપી છે. જો નગરપાલિકા બે દિવસની અંદર રખડતા ઢોરો સામે પગલાં નહી ભરે તો સોમવારથી અમૃતભાઈ કચ્છવા નગરપાલિકા કચેરી સામે જ પ્રતિક ઉપવાસ પર ઉતરી જશે.

પલ્લાચર પ્રાથમિક શાળાનું ગૌરવ

પ્રાંતિજ, તા.૧૧

પ્રાંતિજની પ્રાથમિક શાળાના શિક્ષક જશોદાબેન નાયીને રાજ્ય સરકાર દ્વારા શ્રેષ્ઠ શિક્ષકનો પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

પમી સપ્ટેમ્બર રાષ્ટ્રીય શિક્ષક દિવસે રાજ્ય સરકાર દ્વારા રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકોની પસંદગી કરી તેમને મંત્રી રમણલાલ વોરાના હસ્તે પુરસ્કાર આપવામાં આવ્યા હતા. જેમાં પ્રાંતિજ તાલુકાના પલ્લાચર પ્રાથમિક શાળાના શિક્ષક જશોદાબેન પ્રભાભાઈ નાયીને શ્રેષ્ઠ શિક્ષકના પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા જશોદાબેને શ્રેષ્ઠ શિક્ષકનો પુરસ્કાર પ્રાપ્ત કરી ગામ અને સમાજનું ગૌરવ વધાર્યું છે.

વડાલીમાં લોકાર્પણ અને ભૂમિપૂજનની ત્રિવેણી કાર્યક્રમનો પાટીદારો દ્વારા બહિષ્કાર

હિંમતનગર, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી પાટીદારોના અનામત આંદોલનને લીધે પાટીદાર સમાજ જાણે કે રાજ્ય સરકારથી વિમુખ બન્યો હોય તેમ લાગી રહ્યુ છે. હિંમતનગરમાં મુખ્ય મંત્રીના કાર્યક્રમનો પાટીદારોએ કરેલા બહિષ્કારના ઘેરા પ્રત્યાઘાત જિલ્લામાં પડયા છે. બીજી તરફ શુક્રવારે વડાલીમાં યોજાયેલ બે લોકાર્પણ કાર્યક્રમોનો પાટીદારોએ બહિષ્કાર કરતા તાલુકામાં અનેક ચર્ચાઓ શરૂ થઈ છે.

આ અંગેની વિગત એવી છે કે વડાલીમાં રૂા.૩૪ કરોડથી વધુના ખર્ચે ભૂગર્ભ ગટર લાઈન અને ૬ કરોડના ખર્ચે ઔદ્યોગિક તાલીમ સંસ્થા રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરાઈ છે. જ્યારે ૧૦૦ એકરમાં આકાર ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા ખેડબ્રહ્મામાં કેમ્પસ સ્થપાનાર છે. આ ત્રણેય કાર્યક્રમ શુક્રવારે ન્યાય અધિકારીતા વિભાગના મંત્રી રમણલાલ વોરાની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

પરંતુ પાટીદાર સમાજે ગુરૂવારે કાર્યક્રમનો બહિષ્કાર કરવાનું મન મનાવી લીધુ હતું. જેના કારણે શુક્રવારે વડાલી માર્કેટયાર્ડમાં લોકાર્પણ કાર્યક્રમમાં લોકોને બેસવા માટે ખુરશીઓ તંત્ર દ્વારા ગોઠવાઈ હતી. પરંતુ કાર્યક્રમ શરૂ થયો ત્યાં સુધી લોકો ન આવતા અનેક ખુરશીઓ ખાલી રહી હતી.અને માર્કેટયાર્ડ પણ બંધ રાખ્યું હતું.જેથી પાટીદાર અનામત આંદોલનની તીવ્ર અસરો જણાઇ આવી હતી.

જોકે મંત્રી રમણલાલ વોરાએ ખેડબ્રહ્મામાં યુનિવર્સિટીના કેમ્પસનું ભૂમિ પૂજન તથા ઔદ્યોગિક તાલીમ સંસ્થા સહિત ભૂગર્ભ ગટર લાઈનનું લોકોની પાંખી હાજરી વચ્ચે પરાણે લોકાર્પણ કર્યુ હતું. તંત્રને અગાઉથી જ બહિષ્કારનો અણસાર આવી ગયો હોવાને કારણે આઇ.ટી.આઇ. તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં ભણતા વિદ્યાર્થીઓને મંત્રીને સારુ લાગે તે માટે બોલાવીને બેસાડી દેવાયા હતા.

ઉલ્લેખનીય છે કે ગુરૂવારે પાટીદાર સમાજની યોજાયેલી બેઠકમાં લોકાર્પણ કરવા આવનાર મંત્રીઓને આવેદનપત્ર આપવા માટે પાંચ સભ્યોની સમિતિ બનાવાઇ હતી. જે અંતર્ગત આ પાંચ સભ્યોએ પાટીદાર અનામત આંદોલન સંદર્ભે બનેલી ઘટનાઓ અંગે મંત્રી રમણલાલ વોરાને અનામત ની માંગણી ,પાટીદારો પર અમદાવાદમાં થયેલ પોલીસ દમન,ઉપરાંત વડાલીમાં પોલીસે તોફાન કરીને પાટીદારો પર દમન ગુજારીને વાહનો તોડી નાખ્યા તે અંગે પોલીસ સામે કાર્યવાહી ની માંગણી કરતુ આવેદનપત્ર બંધ કવરમાં આપ્યુ હતું.

સૌરાષ્ટ્રમાં વરસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બપોરનાં ૩.૩૦ વાગ્યા બાદ આકાશમાં કાળા વાદળોથી ઘેરાઈ ગયું હતું. બાબરીયા ગીર, થોરડી ભીખામાં ૧૫ મીનીટમાં ૫ મી.મી.વરસાદ વરસી ગયો હતો. તેમજ ઝાંખીયા, ફરેડા, હરમડીયા, એભલવડ વિસ્તારમાં અડધો ઈંચ વરસાદ વરસ્યો હતો જ્યારે ગીર મધ્યમાં આવેલા પાતાળેશ્વર મહાદેવ વિસ્તારમાં પણ ૧ ઈંચ થી વધુ વરસાદ વરસી ગયાનાં અહેવાલ મળેલ છે. તેમજ ઉના શહેરમાં સોસાયટી વિસ્તારમાં દેલવાડા રોડ ઉપર પાંચ મીનિટ જોરદાર વરસાદી ઝાપટુ વરસી ગયું હતું.

સાંજના પાંચ વાગ્યે સુરેન્દ્રનગર, વઢવાણ તથા તાલુકાના ગ્રામ્ય પંથકમાં ઠંડો પવન ફુંકાવાની સાથે સાથે જોરદાર ઝાપટા વરસ્યા હતા.શહેરમાં મોડી સાંજે વરસાદના ઝાપટા સાથે અમરેલી લાઠી રોડ સાઈડ ધોધમાર વરસાદ તેમજ દુધાળા, કેરીયાનાગસ વગેરે ગ્રામ્ય વિસ્તારોમાં પણ ધોધમાર વરસાદ વરસી ગયાનાં વાવડ છે.

માટલા ફોડ્યા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરી વિસ્તારના ગામોમાં પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરવા માટે વખતો વખત રજુઆતો કરવા છતા કોઈ પગલા લેવાતા ન હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. આવા સંજોગોમાં ઈન્દ્રોડાના ગ્રામજનોમાં પણ પાણી ગટર અને રસ્તા લાઈટોની સુવિધાઓના અભાવ વચ્ચે રોષ પ્રવર્તયો છે. બોરીજ અને ઈન્દ્રોડાના ગ્રામજનોએ અગાઉ પણ આ મામલે કલેકટરને આવેદન પત્ર પાઠવી રજુઆત કરી હતી. પરંતુ કોઈ પગલા ન લેવાતા ગ્રામજનોમાં રોષ પ્રવર્તયો છે. છેલ્લા કેટલાક સમયથી શહેરી વિસ્તારના ગામોમાં પાણીનો પ્રશ્ન પેચીદો બન્યો છે. છેલ્લા ઘણાં સમયથી ઈન્દ્રોડા ગામમાં પાણીની સમસ્યા ગંભીર બની છે.ગટર લાઈનનુ અધુરુ કામ પણ પૂર્ણ કરવામાં આવતુ નથી. આજે આ સ્થિતિના લીધે આગ બબુલી બનેલી ગામની મહીલાઓએ પાટનગર યોજના ભવનમાં માટલા ફોડીને તંત્ર સમક્ષ આક્રોશ દાખવ્યો હતો. મહીલાઓએ ભવનની લોબીમાં હોબાળો મચાવી સમસ્યાના ઉકેલ માટે પ્રબળ રજુઆત કરી હતી. આ વિસ્તારના સ્થાનિક કોર્પોરેટર હસમુખ મકવાણાએ પણ પાણીની ટાંકી અને ગટરના અધુરા કામો પુર્ણ ન થતા હોવાનો આક્રોશ વ્યકત કર્યો હતો.

આ ઉપરાંત આ વિસ્તારમાં મેદાનો રંગમંચ બગીચા અને સ્ટ્રીટ લાઈટ સહિતની સુવિધાઓ માટે પણ કોઈ પગલા લેવાતા ન હોવાનો આક્રોશ વ્યકત કર્યો હતો. ગામમાં આકરી ગરમીના જ નહી પરંતુ શિયાળાની ઠંડીના દિવસોમાં પણ પાણી ન આવતુ હોવાનો આક્રોશ વ્યકત કરી તેમણે મુખ્યમંત્રીના નિવાસ સ્થાનથી માત્ર બે કીમી દુર પાયાની સુવિધાઓનો અભાવ હોવાનો આક્રોશ વ્યકત કરી છેવાડાના ગામની સ્થિતિ અંગે પણ ચિંતા વ્યકત કરી હતી. શહેરી વિસ્તારના ગામોમાં સમસ્યાઓનુ નિરાકરણ નહીં આવે તો ગ્રામજનો ટુક સમયમાં ઉગ્ર આંદોલન કરશે તેવી ચિમકી પણ ઉચ્ચારી હતી.

દારૂ ઝડપાયો...

● પાંચમા પાનાનું ચાલુ

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકા સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી નજીક આવેલી રતનપુર ચેકપોસ્ટ સરહદ બુટલેગરો માટે ગેરકાયદેસર વિદેશી દારૂ ઘુસાડવા માટે જાણીતી છે.

શામળાજી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એટી ઉદાવતે શુક્રવારે રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકિંગ હાથ ધરતાં શામળાજી બસસ્ટેન્ડ નજીક નાકાબંધી કરી તલાશી હાથ ધરતાં રાજસ્થાન તરફથી આવી રહેલી શંકાસ્પદ જણાતી સ્કોર્પીયો ગાડી (આરજે ૨૭યુએ-૩૫૭૩)ને અટકાવી તલાશી લેતા ગાડીમાંથી ગેરકાયદેસર વગર પાસ પરમીટનો વિદેશી દારૂ અને બીયરની કુલ પેટી ૩૫ નંગ ૪૮૦ મળી કુલ ૧,૯૨,૦૦૦ રૂ.નો વિદેશી દારૂ સહિત સ્કોર્પીયો ગાડીની કિંમત રૂ. ૫,૦૦૦૦૦ અને મોબાઈલ કિંમત રૂ. ૨૫૦૦ મળી કુલ ૬,૯૪,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ગાડીચાલક કમલેશ શિવસીંહ મીણા (રહે. નઠારા, તા. સરડા, ઉદેપુર રાજસ્થાનની ધરપકડ કરી પૂછતાછ કરતા આ વિદેશીદારૂ અમદાવાદના બૂટલેગર રાજુગીરી પ્રકાશગીરી ગોસ્વામી (રહે. સત્યમ આવાસ, તનમન પાઉભાજીની બાજુમાં વસ્ત્રાપુર અમદાવાદ)ને પહોંચાડવાનો હોવાનુ જણાવી બંસીભાઈ લક્ષ્મણભાઈ ડામોર (રહે. બાબારી તા. ખેરવાડા, જી. ઉદેપુર રાજસ્થાન) દ્વારા ભરી આપવામાં આવ્યો હોવાનું જણાવતા શામળાજી પોલીસે બન્ને ફરાર આરોપીઓની સામે પ્રોહીબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા. (તસવીર : ધ્રુપ પ્રણામી, શામળાજી)

અથડામણ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા કર્નલ એનએન જોશીએ માહિતી આપતા કહ્યું હતું કે, આ અથડામણ ગઈકાલે રાત્રે શ્રીનગરથી આશરે ૧૦૦ કિલોમીટરના અંતરે સ્થિત હેન્ડવારા વિસ્તારમાં લારિબલ ગામના રાજવાડા વન્ય વિસ્તારમાં શરૂ થઈ હતી. ગુપ્ત ઓપરેશન દરમિયાન ત્રાસવાદીઓએ અચાનક હુમલો કરી દીધો હતો. જવાબી કાર્યવાહીમાં ૪ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. આ વિસ્તારમાં વધુ ત્રાસવાદીઓ હોવાની માહિતી મળી રહી છે. બીજીબાજુ પાકિસ્તાની સુરક્ષાદળોએ યુદ્ધવિરામનો ભંગ કરીને ફરી ગોળીબાર કર્યો છે. જમ્મુ-કાશ્મીરના રાઝોરી જિલ્લામાં ગોળીબાર કરવામાં આવ્યો છે. સેનાએ પણ જવાબી કાર્યવાહી કરી હતી. હમિરપુર સેક્ટરમાં આ ગોળીબાર કરાયો હતો. ઓગસ્ટ મહિનામાં ૫૭ વખત પાકિસ્તાન દ્વારા યુદ્ધવિરામનો ભંગ કરાયો હતો. જેમાં બે જવાન સહિત ૧૧ લોકોના મોત થયા હતા.

સપ્ટેમ્બરમાં ૮ વખત યુદ્ધવિરામનો ભંગ કરાયો છે. આ વર્ષે ૨૫૦થી વધુ વખત યુદ્ધવિરામનો ભંગ થઈ ચુક્યો છે. સેના અને જમ્મુ કાશ્મીર પોલીસે મોડી રાત્રે ઓપરેશન હાથ ધર્યુ હતુ. લારીબલના વન્ય વિસ્તારમાં મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ છુપાયા છે તેવી બાતમી મળ્યા બાદ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. સર્ચ ઓપરેશન દરમિયાન ત્યાં છુપાયેલા ત્રાસવાદીઓએ હુમલો કર્યો હતો. જેમાં બે જવાન શહીદ થઇ ગયા હતા. સેના તરફથી કરવામાં આવેલી કાર્યવાહીમાં ચાર ત્રાસવાદીઓ પણ માર્યા ગયા હતા. છુપાયેલા ત્રાસવાદીઓને ચારેબાજુથી ઘેરી લેવામાં આવ્યા હતા. પાકિસ્તાની સેનાની મદદથી સરહદ પારથી ત્રાસવાદીઓ જમ્મુ કાશ્મીર અને દેશના અન્ય ભાગોમાં આતંક મચાવવાના હેતુથી ઘુસણખોરી કરી રહ્યા છે. બીજા બાજુ સરહદ પર ગોળીબાર પણ પાકિસ્તાની સેનાએ જારી રાખ્યો છે. જેથી સેના બેવડા મોરચે લડી રહી છે.જો કે સ્થિતી હવે સુધરી ગઇ છે.

અપરાધી જાહેર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

મુજમિલ આલમ શેખ, સોહેલ મહેમુદ શેખ, જમીર અહેમદ શેખ, નવીદ હુસૈન ખાન, આસિફ ખાન સામેલ છે. આ મામલામાં આજમ ચીમા અને અન્ય ૧૪ હજુ પણ ફરાર છે. સજાની જાહેરાત ૧૪મી સપ્ટેમ્બરના દિવસે કરવામાં આવનાર છે. તમામ ૧૩ આરોપીઓ સીમીના આરોપીઓ છે. તેમની મહારાષ્ટ્ર એટીએસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. ૭/૧૧ મુંબઈ ટ્રેન બ્લાસ્ટ મામલામાં ગયા વર્ષે ૧૯મી ઓગસ્ટના દિવસે ટ્રાયલ પરિપૂર્ણ કરી લેવામાં આવી હતી. હુમલો કરવામાં આવ્યાના ૮ વર્ષ બાદ આ ટ્રાયલ પૂર્ણ કરવામાં આવી હતી. મુંબઈની લોકલ ટ્રેનોમાં સાત આરડીએક્સ બોંબનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ સાત બોંબ બ્લાસ્ટ થયા બાદ ૧૮૮ લોકોના મોત થઈ ગયા હતા અને ૮૨૯ લોકો ઘાયલ થયા હતા. ટ્રાયલ દરમિયાન પ્રોસીક્યુશન દ્વારા ૮ આઈપીએસ, પાંચ આઈએએસ અધિકારીઓ અને ૧૮ ડોક્ટરો સહિત ૧૯૨ સાક્ષીઓની ચકાસણી કરવામાં આવી હતી. જ્યારે ડિફેન્સ વકિલો દ્વારા ૫૧ સાક્ષીઓની ચકાસણી કરાઈ હતી. એક વ્યક્તિને કોર્ટ સાક્ષી તરીકે બોલાવવામાં આવી હતી. સાક્ષીઓ દ્વારા આપવામાં આવેલી જુબાની આશરે ૫૫૦૦ પાનામાં હતી.

સાત આરડીએક્સ બોંબ બ્લાસ્ટ ૧૧મી જુલાઈ ૨૦૦૬ના દિવસે મુંબઈની લોકલ ટ્રેનોમાં થયા હતા. ફર્સ્ટ ક્લાસ કોચમાં આ બ્લાસ્ટ કરવામાં આવ્યા હતા. આ બ્લાસ્ટ ખાર રોડ-શાંતાક્રુઝ, બાંદ્રા-ખાર રોડ, જોગેશ્વરી-માહિમ જંક્શન, મીરા રોડ-ભયન્દર, માટુંગા-માહિમ જંક્શન અને બોરીવલીમાં થયા હતા. આ સમગ્ર મામલામાં ૧૪ આરોપીઓ હજુ ફરાર છે. સુપ્રીમ દ્વારા ૨૦૦૮માં ટ્રાયલ પર સ્ટે મુકવામાં આવ્યા બાદથી ૨ વર્ષ પછી સાક્ષીઓની ચકાસણી ફરી શરૂ કરવામાં આવી હતી. સ્ટે મુકતા પહેલાં પ્રોસીક્યુશને એક પોલીસ અધિકારીની ચકાસણી કરી હતી. ૨૩મી એપ્રિલ ૨૦૧૦ના દિવસે સુપ્રીમ કોર્ટ દ્વારા સ્ટે ઉઠાવી લેવામાં આવ્યો હતો. પ્રથમ બ્લાસ્ટ સાંજે ૪.૩૫ની આસપાસ કરાયો હતો. ત્યારબાદ મિનિટોના ગાળામાં જ માટુંગા, બાંદ્રા, ખાર રોડ, જોગેશ્વરી, બોરીવલી અને ભયન્દર નજીક ઉપનગરીય ટ્રેનોમાં એકપછી એક બ્લાસ્ટ થયા હતા.

ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લીમીટેડ
રજી. ઓફીસ : બ્લોક નં. ૧૪/૧, ડો. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર-૩૮૨૦૧૦

ટેન્ડર નોટીસ નં. ૨/ જીએમએસીસએલ / ૨૦૧૫-૧૬

અત્રેના કોર્પોરેશનના તથા કોર્પોરેશન હસ્તકના ગોડાઉન ખાતે ઉપયોગમાં લેવાતા લેઝર પ્રિન્ટરમાં ટોનર કાર્ટીઝ રીફીલીંગ કરવા તથા ટોનર કાર્ટીઝના કન્ઝુમેબલ પાર્ટસ બદલવા માટેની કામગીરી કરતી પેઢીઓ પાસેથી વાર્ષિક જાળવણી કરારના ભાવ પેઢીના લેટરપેડ ઉપર સીલબંધ કવરમાં તારીખ ૨૪/૯/૨૦૧૫ સુધી આ કાર્યાલયને મળી રહે તે રીતે મંગાવવામાં આવે છે. કવર ઉપર 'ટોનર કાર્ટીઝ રીફીલીંગ કરવા તથા કાર્ટીજના કન્ઝુમેબલ પાર્ટસના વાર્ષિક કરારનું ભાવપત્રક' એમ અચુક લખવાનું રહેશે.

માહિતી/૧૪૭૫/૨૦૧૫-૧૬ ડેપ્યુટી જનરલ મેનેજર (એડમીન)

જાહેર નિવિદા નં. ૩ (એસ.કે.) સને ૨૦૧૫-૧૬

કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ વિભાગ, ગાંધીનગર સ્ટેટ વોટર ડેટા સેન્ટર બિલ્ડીંગ, સેક્ટર-૮, ફોન નં. ૦૭૯-૨૩૨૪૮૦૦૬ દ્વારા નીચે દર્શાવ્યા મુજબનું સ્થાનિક બજારમાં કામ કરતી પ્રિન્ટીંગ પ્રેસ સાથે ટીન નંબર/પાન નંબર ધરાવતી એજન્સીઓ પાસેથી ભાવપત્રકો મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રકો આપવાની છેલ્લી તા. ૨૩/૯/૨૦૧૫ સમય ૧૬.૦૦ કલાક સુધી જાહેર રજાના દિવસો સિવાય આપવામાં આવશે. ભાવ